હરસ, ભગંદર, ફીશરની સંપૂર્ણ સારવાર
ૐ કાર એનોરેક્ટલ ક્લીનીક
ડૉ. પ્રણવ ડી. સાપરીયા B.H.M.S.



ચામડીની તકલીફ?
સોરીયાસીસ - સફેદ ડાઘ
ડૉ. આનંદ એમ. ગોહિલ B.H.M.S.



सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
અમરેલી તા. ૨૬-૩-૨૦૧૪ બુધવાર





હંમેશા કંઇક નવું એકજ ભાવ
આનંદ ક્લોથ સ્ટોર



ઓપરેશન વિના
હરસ-મસા ફીશરની સારવાર
ડૉ. ચેતન બનજારા D.H.M.S.


*નગરપાલિકાનાં પ્રમુખશ્રી વિનુભાઇ કોટડીયાનાં અધ્યક્ષપદે બેઠક મળતા*

# લાઠી પાલિકાનું ૮.૯૦ કરોડનું મંજૂર

**શહેરમાં ચાલુ વર્ષમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ પુરુ કરવા અને વેણકીના નાળે શોપીંગ સેન્ટર કમ શાકમાર્કેટ શરૂ કરવા નગરપાલિકા દ્વારા થયેલું આયોજન**

**લાઠી નગરપાલિકા દ્વારા ફોરેસ્ટ ગ્રાઉન્ડ કુવા પાસે ૪૦ લાખ લીટરના પીવાનાં પાણીનાં સંપનું કામ પુર જોશમાં : નગર પાલિકાનું અધતન બિલ્ડિંગ બનશે**





તસવીર- મહેશગીરી ગોસ્વામી

લાઠી,લાઠી નગરપાલિકાનું રૂા.૮.૯૦ કરોડનું બજેટ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે.

આજે લાઠી નગરપાલિકાની સામાન્ય સભા લાઠી નગરપાલિકાના પ્રમુખશ્રી વિનુભાઇ કોટડીયાના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવેલ. જેમાં લાઠી નગરપાલિકાના વીસ સદસ્યશ્રીઓ હાજર રહેલ હતા. બેઠકમાં લાઠી નગરપાલિકાનું વિકાસલક્ષી બજેટ રૂા.૮.૯૦ કરોડનું સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે અને ચાલુ વર્ષમાં પ્રજાનાં ઉપયોગી ભૂગર્ભ ગટર યોજનાનું કામ શરૂ છે અને સ્ટેશન રોડ ઉપર આવેલ વેણકીનાં નાળા ઉપર શોપીંગ સેન્ટર કમ શાકમાર્કેટનું કામ શરૂ થનાર છે અને ત્યારબાદ કોમ્યુનીટી હોલ તથા પાણીની પાઇપલાઇનનું કામ કરવામાં આવશે તેમજ ફોરેસ્ટ ગ્રાઉન્ડ કુવા પાસે ૪૦ લાખ લીટર સંપનું કામ પુરજોશમાં શરૂ છે અને છેલ્લે લાઠી નગરપાલિકાની કચેરી બિલ્ડિંગનું કામ કરવામાં આવશે તેમ પ્રમુખ વિનુભાઇ કોટડીયાની યાદી જણાવે છે.

# અમરેલીમાં તાપમાન વધ્યું : પારો ૩૭ ડિગ્રીએ

**સવારે ધૂપ છાવ બાદ બપોરે અસહ્ય ઉકળાટ શરૂ : શિયાળો છે કે ઉનાળો તે કહેવુ મુશ્કેલ બન્યું**

અમરેલી,અમરેલીમાં તાપમાનનો પારો ઉચો ચડતો થાય છે. તાપમાન ૩૭ ડિગ્રીએ પહોંચ્યું હતુ. સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં વહેલી સવારે વાદળછાયુ વાતાવરણ છવાયું હતુ. સવારે ઠંડી બાદ ધૂપ છાવ અને બપોરનાં સમયે અસહ્ય ઉકળાટ જોવા મળ્યો હતો. અમરેલીમાં આજે ૩૭ ડિગ્રી તપામાન રહ્યું હતુ. હજુ તાપમાનનો પારો ઉંચો ચડે તેવી સ્થિતિ છે.

# સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં ફી વધારો ન કરવા શિક્ષણ મંત્રી સમક્ષ માંગણી

અમરેલી,

ગુજરાત રાજયમાં છેલ્લા ૧૦ વર્ષમાં જુદી જુદી ફેકલ્ટી જેવી કે કોલેજમાં ફાર્મસી, મેડીકલ, ટેકનિકલ કોલેજો ૪૫૦ જેટલી આડેધડ રીતે સેલ્ફ ફાઇનાન્સ એટલે કે નોન ગ્રાન્ટેબલ ખુલી ગયેલ છે જેમાં ૧૫ થી ૨૦ ટકા સીટો ખાલી પડી રહેલ છે અને જરૂરી અધ્યાપકોમાંથી ૫૦ ટકા જ યાપકોની ભરતી થયેલ છે.કોલેજોમાં અમૂક કોલેજો બાદ કરતા પુરતા પ્રમાણમાં ભણાવવામાં પણ આવતુ નથી તેવા સમયે દર ત્રણ વરસે કોલેજોમાં ફી વધારો કરી આપવાનો સરકારનો નિર્ણય વ્યાજબી નથી હાલની મોંઘવારી અને કોલેજોની પરિસ્થિતિ જોતા ફી વધારો કરવાની રાજય સરકારે મંજુરી ન આપવા રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સમક્ષ અમારી રજૂઆત છે. કારણ કે સેજલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં રૂા. ૫૦૦૦૦ થી લઇ મેડીકલ ફેકલ્ટી જેવામાં ૭૦૦,૦૦૦/- સુધીની ઉંચી ફી કોલેજ સંચાલકો વાલીઓ પાસેથી વસુલક રે છે ત્યારે આ ઉંચી ફીમાં હજુ વધારો કરવામાં આવે તો ગરીબ અને મધ્યમ વર્ગનું બાળક કોલેજનું શિક્ષણ મેળવી શકશે નહી આવા સમયે શિક્ષણખાતાએ હવે નવી કોલેજોની મંજુરી માત્ર ગ્રાન્ટેબલ કોલેજ તરીકે જ આપવી જોઇએ અને તે પણ રાજયના દરેક તાલુકા મથક ઉપર તો જ શિક્ષણમાં સાચી સેવા કરી ગણાશે.

# રાજુલા બારપટોળીમાં શ્રી રામ ચરિત માનસ જ્ઞાનયજ્ઞ યોજાશે

**જ્ઞાનયજ્ઞમાં સંતો મહંતોની ઉપસ્થિતિ : વિવિધ ઉત્સવો ઉજવાશે**

રાજુલા,

રાજૂલા તાલુકાના બારપટોળી ગામે રણુજાધામ તેમજ જુની બારપટોળી ગામ સમસ્ત શ્રી રામ ચરિત માનવ સાનપરી ૩૧/૩/૨૦૧૪ ના ૭/*૪/૨૦૧૪ કથાના વકતા શ્રી દેવ મોરારી બાપુ સુમરાવાળા ખાસ સેતિમ વાચન કરશે

આ કાર્યકમ શ્રી ધર્મદાસબાપુ જુનાગઢ શ્રી ભોળાદાસબાપુ તુલશ્યામ મેસથી જમનાદાસબાપુ મેશી શ્રી પરશારામદાસબાપુ મેહતશ્રી લાલબાપુ સંતશ્રી માધવદાસબાપુ સંતશ્રી સીતારામ બાપુ મેહતશ્રી બિલેશ્વરબાપુ મેહતશ્રી શિવાનંદબાપુ પમમદારબાપુ મેહતશ્રી સંત દાસજી* આપ્રસંગે ધારાસભ્યશ્રી હીરાભાઇ સોલંકિ માજીધારાસભ્ય પ્રતાપભાઇ લાખા ઉટોદા ન.પા. પ્રમાણ શ્રી રવુભાઇ ખુમાણ શ્રી જીગનેશભાઇ પટેલ શ્રી પીઠાભાઇ નકમિ શ્રી જોરૂભાઇ કોટાણી વિરેન્દ્રભાઇ પટેલ ખારા ઊસ્થિત પૂરાશે ઉપસ્થિતિ રહેવા શ્રી રામદાસ બાપુ જુનીબારપટોળી વાળા એ જણાવ્યું છે .

# અમરેલીનાં શિક્ષક સ્વ.અરવિંદભાઇ ઠાકરનું જીવન ઝરમર



અમરેલી,આંગણે આવે એને મીઠો આવકાર આપજે. ઓટલા સુધી વળાવજે. '' પંકિતને જીવનનો મંત્ર ગણી પથ પર ચાલનાર સ્વ.અરવિંદભાઇ દામોદરભાઇ ઠાકર ઉ.વ.૬૯ શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક શિક્ષક તરીકેની ફરજ મોટા સમઢિયાળાથી શરૂઆત કરેલ શિક્ષક તરીકે બાળકોમાં શિક્ષણ તરીકે રૂચી ઉત્પન્ન થાય અને બાળકોની પ્રગતિ કેમ સારી થાય તે તેનો મુદ્રાલેખ હતો. જીવનમાં હરહંમેશ ગામનાં વિકાસના કામો કોઇકે શિક્ષણનાં કે આરોગ્ય જેવામાં પોતે સાથે રહી સમાજને મદદરૂપ થવાની સેવા ભાવનાએ એમનો ઉદેશ હતો.પોતાના આંગણે આવનાર અધિકારી કર્મચારીગણ કે હર કોઇની મહેમાનગતી માણવી તે તેમનો સ્વભાવ હતો. ગમે તેવા કપરા કાળમાં ગામની સાથે કદમ મીલાવી હળી-મળીને રહેવુ તે તેમનો સ્વભાવ હતો. ગામની એકતા અને અખંડિતતા જળવાઇ રહે તેવા હંમેશા તેમના પ્રયત્નો રહેતા હતા.

તેમનાં નિવૃતી પછીનો સમય અમરેલીમાં ગાળતા અને સમઢિયાળાનાં વતનનાં કોઇપણ વ્યક્તિ અમરેલીમાં આરોગ્યના કે અન્ય કામે આવે તો તેમને મળવા જવુ અને દરેક પ્રકારની સેવા કરવી તે તેમની ફરજ સમજાતા તેમના બેસણામાં સગા સબંધીઓ, સ્નેહી મિત્રોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમનાં આત્માને શાંતી આપે તેવી પ્રાર્થના કરી હતી.

# ઇન્ડિયાના બિગબોસ ૨૦૧૪ની ટેબ્લોની યાત્રા અમદાવાદથી શરૂ

**દરેક ભારતીયને મતદાન પ્રત્યે જાગરૂક કરવા ડોલર બિગબોસનો અનોખો પ્રયાસ**

અમદાવાદ,

લોકતંત્રમાં સમજદારીપૂર્વક અને સહભાગીતાથી મતદાન કરવા સમાજ પ્રત્યે જવાબદાર ભારતીય કંપની ડોલર ઇન્ડસ્ટ્રીઝે ભારતભરમાં ઇન્ડિયા કા બિગબોસ ૨૦૧૪ અભિયાનની શરૂઆત કરી છે.

અમદાવાદમાં ડોલર ઇન્ડસ્ટ્રીઝના બ્રાન્ડ અને કોર્પોરેટ કોમ્યુનીકેશન્સનાં નેશનલ હેડ શ્રી બિધ્યુત નાથે અમદાવાદમાં આ અભિયાન ઇન્ડિયા કા બિગ બોસ ૨૦૧૪ના ટેબ્લોને (નાટકીય પ્રદર્શન) ફલેગ ઓફ કરીને શરૂ કરી હતી. આ અભિયાન અંતર્ગત ભારતનાં વિભિન્ન ક્ષેત્રો જેવા કે સંગીત, વ્યાપાર, રમત ગમત અને રાજકીય ક્ષેત્રના તેમના પસંદગીના ઉમેદવારની નોંધણી (મતદાન) ઇન્ડિયા કા બિગબોસ ૨૦૧૪માં કરી શકે છે.

દેશભરમાં બધા મહત્વપૂર્ણ શહેરોમાં ઘુમનાર આ વિશેષ રીતે તૈયાર થયેલ આ ટેબ્લો (નાટકીય પ્રદર્શનો) પર ઓન વોટિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ મોબાઇલ કારમાં ઓફલાઇન વોટિંગ માટે પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ટેબ્લો (નાટકીય પ્રદર્શન) નિકાળવાનો મુખ્ય હેતુ સારા ભારતમાં નિર્માણ માટે યુ મતદાતાઓને મતદાન પ્રત્યે જાગરૂક કરવાનો છે.

# દામનગરમાં વીર શહીદોને શ્રદ્ધાંજલી અપાઇ




દામનગર શહેર યુવા ભાજપ દ્વારા શહિદ દિનની ઉજવણી કરવામાં આવી હતી તે નિમિતે વીર શહીદોને શ્રદ્ધાંજલી આપી રહેલા યુવાનો નજરે પડે છે

*રકતદાન એક એવું દાન છે જે બીજાને નવી જિંદગી આપે છે*

# રાજકોટ વોલન્ટરી બ્લડ બેન્કનું નવા બિલ્ડિંગમાં સ્થળાંતર અને નામકરણ

**ભારતનાં ઇતિહાસમાં રાજકોટનું નામ સેવા અને દાન ધર્મમાં સુવર્ણ અક્ષરે લખાશે : રોઝી બ્લુ કંપનીનાં ડિરેકટર અને દાતા અરૂણભાઇ મહેતાના ઉદગાર : પ્રોજેકટ 'લાઇફ'ની ઉમદા પ્રવૃતીથી મહાનુભાવો પ્રભાવિત બા.બ્ર.પૂ. સ્મિતબાઇનાં આશિર્વચન અને જય વસાવડાનાં અદભુત સંચાલનથી કાર્યક્રમ દીપી ઉઠયો**

રાજકોટઃ રાજકોટ વોલન્ટરી બ્લડ બેન્ક રીસર્ચ સેન્ટરના નવા બિલ્ડીંગમાં સ્થળાંતર અને નામકરણ પ્રસંગે ગઇકાલે યોજાયેલા એક ગૌરવપૂર્ણ સમારોહમાં મુંબઇથી ખાસ ઉપસ્થિત રહેલા હિરાના વ્યવસાયી અને દાતા પરિવારના સભ્યોએ આ નવા બિલ્ડીંગને દેશભરની બ્લડ બેન્કો પૈકી શ્રેષ્ઠ બિલ્ડીંગ ગણાવ્યું હતું. સાથો સાથ આ સેવા સંસ્થા થકી સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જે માનવ દિવડા પ્રજ્જવલિત થયા છે તે બદલ ખુશી અનુભવી હતી. ગોંડલ સંપ્રદાયના બા.બ્ર. ગુરૂણી પૂ. હિરાબાઇ મ.સ.ના સુશિષ્યા બા.બ્ર. પૂ. સ્મિતાબાઇ સ્વામીના આશિવર્ચન તથા જાણીતા ઉદ્ઘોષક-કટારલેખક જય વસાડવાના અદ્ભૂત સંચાલનને કારણે આખો કાર્યક્રમ દીપી ઉઠયો હતો.

પ્રારંભમાં નીધિ ધોળકિયાના કંઠે મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' રચનાનું ગાન થયા બાદ સ્વાગત પ્રવચન પ્રોજેકટ લાઇફ'ના મેનેજીંગ ટ્રસ્ટી શશીકાન્ત કોટીચાએ કર્યુ હતું. તેમણે કહ્યું હતુ કે, વોલન્ટરી બ્લડ બેન્કનું નવા બિલ્ડીંગમાં સ્થળાંતર કરવામાં આવ્યુ છે અને બિલ્ડીંગ સાથે દાતા પરિવારના સ્વ. સુશિલાબેન રમણીકભાઇ મહેતાનું નામ જોડવામાં આવ્યુ છે. મહેતા પરિવારમાં ખીલેલી સેવા ભાવનાને લીધે આ સુવિધા રાજકોટમાં ઉભી થઇ છે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને રહેલા રોઝી બ્લુ તથા બી. અરૂણકુમાર ગ્રુપ ઓફ કંપનીના વરીષ્ઠ ડીરેકટર અને હિરાના વ્યવસાયી અરૂણભાઇ મહેતા અને તેમનો પરિવાર શાળા, કોલેજ અને હોસ્પીટલ જેવા માનવસેવાના કાર્યોમાં અગ્રેસર છે. પોતાના મૃદુ સ્વભાવથી એક અલગ જ ઓળખ ઉભી કરનારા શ્રી અરૂણભાઇ મહેતા અત્યંત લાગણીશીલ વ્યક્તિત્વ પણ ધરાવે છે. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી બોલતા તેમણે કહ્યું હતું કે રકતદાન એ એક એવું દાન છે કે બીજાને નવી જીંદગી આપે છે. આ દાન આપનારને ખુશી થાય છે જ્યારે લેનારને નવજીવન મળે છે. તેમણે કહ્યું હતુ કે, પ્રારબ્ધ અને પુરૂષાર્થ બન્નેનો સમન્વય રાજકોટની પ્રોજેકટ લાઇફ' સંસ્થામાં જોવા મળે છે. તેમણે ઉમેર્યુ હતુ કે જ્યારે જ્યારે દાન, ધર્મ અને સેવાભાવનાની વાત આવે ત્યારે રાજકોટ હંમેશા આગળ રહે છે અને એટલે જ જ્યારે પણ દેશનો કે ગુજરાતનો ઇતિહાસ લખાશે ત્યારે રાજકોટનું નામ પ્રથમ પાને લખાયેલું હશે.જીવનમાં 'માનવ સેવા એ જ પ્રભુસેવા'ના મંત્રને આત્મસાત કરનાર શ્રી હર્ષદભાઇ મહેતા પરિવારની વ્યવસાયિક હિરાની પેઢીઓમાં ચેરમેન તરીકે ફરજ બજાવે છે સાથોસાથ પ્રોજેકટ લાઇફ'ની ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન તરીકે ઉમદા સેવા આપે છે. આ પ્રસંગે અતિથિવિશેષપદેથી બોલતા તેમણે કહ્યું હતું કે બ્લડ બેન્કીંગ ક્ષેત્રે અને પડકારો છે પરંતુ રાજકોટની લાઇફ સંસ્થા લોકોના સહયોગથી આ પડકારોને પહોંચી વળવા માટે સક્ષમ છે. તેમણે જરૂરતમંદ લોકોને બ્લડ બેન્કની અદ્યતન સુવિધાનો લાભ મળે તેવો અનુરોધ પણકર્યો હતો.હિરાના વ્યવસાયમાં વિશ્વભરમાં નામના ધરાવતી રોઝી બ્લુ કંપનીના સીનીયર ઓપરેટીંગ ઓફીસર શ્રી દિલીપભાઇ મહેતાને લોકો ઉદ્યોગ સાહસિક તરીકે ઓળખે છે. આજના કાર્યક્રમના અતિથિવિશેષ પદેથી બોલતા શ્રી દિલીપભાઇ મહેતાએ આ સેવાયજ્ઞ બદલ રાજકોટના કોટિચા પરિવારને અભિનંદન આપ્યા હતાં. સાથોસાથ આત્મનિર્ભર બનવા અનુરોધ કર્યો હતો. આજના કાર્યક્રમના અતિથિવિશેષ એવા શ્રી વિનોદ પાંડે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના કોર્પોરેટ કોમ્યુનિકેશન વિભાગના જનરલ મેનેજર છે. બેન્કીંગ ક્ષેત્રે અનેક એવોર્ડ મેળવનાર વિનોદ પાંડેએ આ પ્રસંગે કહ્યું હતું કે મહેતા પરિવારના વડલા સમાન સ્વ. સુશિલાબેન આજે ગૌરવની લાગણી અનુભવતા હશે. તેમણે કહ્યું હતું કે એસ.બી.આઇ. પોતાના કર્મચારીઓ બ્લડ ડોનેશન કેમ્પ યોજે છે અને હવે ભવિષ્યમાં બેન્ક રાજકોટ વોલન્ટરી બ્લડ બેન્કની સાથે રહીને કામ કરવા ઇચ્છુક છે. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદેથી બોલતા મુંબઇના જાણીતા કાર્ડિઓલોજિસ્ટ ડો. પ્રદીપ પરીખ તથા ડો. જે.ટી. વ્યાસે વોલન્ટરી બ્લડ બેંકના ટ્રસ્ટીઓને અભિનંદન આપ્યા હતાં અને ભારતની શ્રેષ્ઠ બ્લડ બેન્ક બનવા બદલ ખુશી દર્શાવી હતી.

આ પ્રસંગે રાજકોટ જિલ્લા કલેકટર ડો. રાજેન્દ્રકુમાર તથા રાજકોટના યુવરાજ માંધાતાસિંહે પણ પ્રોજેકટ 'લાઇફ'ની કામગીરી બિરદાવી હતી. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ગોંડલ સંપ્રદાયના બા.બ્ર.પૂ. સ્મિતાબાઇ મ.સ.એ સમાજ સેવા અને દાનનો મહિમા વર્ણવ્યો હતો. તેમણે કહ્યું હતું કે લોકોએ જીવનમાં રિચ બનવાને બદલે હેપ્પી કેમ બનવું તેમનું વધુ ધ્યાન રાખવું જોઇએ. પૂ. સ્મિતાબાઇ એ સમગ્ર દાતા પરિવારના માતુશ્રી સ્વ. સુશિલાબેન રમણીકભાઇ મહેતા એ સમાજના વિકાસ માટે આપેલા પ્રદાનને યાદ કર્યુ હતું કે તેમના સંસ્કારો તેમના સંતાનોએ આગળ વધાર્યા છે. પૂ. સ્મિતાબાઇએ સૌને નવકારમંત્રનું પઠન પણ કરાવ્યું હતું. આ પ્રસંગે પૂ. હીરાબાઇ મ.સ.ના હસ્તે દાતા પરિવારને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના સંચાલક અને જાણીતા ઉદ્ઘોષક -કટાર લેખક જય વસાવડાએ ઇતિહાસના જુદા જુદા અવતરણો ટાંકીને માનવસેવાનું મહત્વ સમજાવ્યું હતું. જય વસાવડાના અસ્ખલિત વાણી પ્રવાહથી ઉપસ્થિત સૌ કોઇ અભિભુત થઇ ગયા હતાં.ચંદ્રકાન્તભાઇએ કહ્યું હતું કે, ૬ ડીસેમ્બર ૧૯૮૧ના રોજ સૌરાષ્ટ્ર-કચ્છની આ સૌપ્રથમ બ્લડ બેન્ક શરૂ થઇ ત્યારે પ્રારંભમાં દર મહિને ૧૦૦ યુનિટ રકત આપવામાં આવતું હતું, જયારે આજે રોજનું ૧૦૦ યુનિટથી વધુ રકત આપીને અનોખી માનવસેવા કરવામાં આવે છે. રકત આપનારા, રકત મેળવનારા અને થેલેસીમિયાનું પરીક્ષણ કરનારા દરરોજ ૬૦૦થી વધુ લોકો આ બ્લડ બેન્કની મુલાકાતે આવે છે અને કદાચ એટલે જ આ બ્લડ બેન્ક માનવ મંદિર તરીકે ઓળખાય છે.

માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં માનવતાના દીપ પ્રગટાવનાર તથા છેલ્લા ત્રણ દાયકામાં બે લાખથી વધુ લોકોને નવજીવન આપનાર રાજકોટ વોલન્ટરી બ્લડ બેન્કનું પંદર હજાર ચો.ફુ. જગ્યા ધરાવતા નવા અદ્યતન બિલ્ડીંગમાં સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ નવુ બિલ્ડીંગ હાલની વોલન્ટરી બ્લડ બેન્ક કે જે ત્રણ હજાર ચો.ફુટ જગ્યામાં કાર્યરત છે તેની પાછળના ભાગે એટલે કે ૨૪ વિજયપ્લોટમાં બોમ્બે ગેરેજની સામે આવેલું છે અને અદ્યતન સુવિધાઓથી સજ્જ છે.વોલન્ટરી બ્લડ બેન્કના નવા બિલ્ડીંગની ભવ્યતા તેની ખાસિયત નથી પરંતુ આ બિલ્ડીંગમાં સૌરાષ્ટ્ર-કચ્છના લોકોને મળનારી અદ્યતન સુવિધા તેની ઓળખ બની રહેશે.આ નવા બિલ્ડીંગના પ્રથમ માળે 'એ' વિંગ બ્લડ ઇસ્યુ કરવા માટે છે જ્યારે આ જ માળ ઉપર 'બી' વિંગમાં બ્લડ આપવા માટેની અદ્યતન સુવિધા છે. બિલ્ડીંગના બીજા માળ ઉપર એડવાન્સ્ડ રેડ સેલ સીરોલોજીની સુવિધા છે, જ્યાં નીઓ મશીન તેમ જ રક્તઘટકોના પૃથ્થકરણની સુવિધા છે. આ સુવિધા માત્ર રક્તઘટકની જરૂર હોય તેવા દર્દીઓ માટે ઉભી કરવામાં આવી છે. બિલ્ડીંગના ત્રીજા માળ ઉપર થેલેસીમિયા વિભાગ તેમ જ જેનેટેક કાઉન્સેલીંગ રૂમની સુવિધા ઉપલબ્ધ છે.

આ બ્લડ બેન્કની મુલાકાતે દેશવિદેશની અનેક વિભૂતિઓ આવી ગઇ છે જેમા મધર ટેરેસા, ટાટા સમૂહના દરબારી શેઠ, લીલા મુલગાંવકર, પ્રમુખ સ્વામી મહારાજ, અમિતાભ બચ્ચન, શ્રીમતી જયા બચ્ચન, નરેન્દ્રભાઇ મોદી, કપીલ દેવ, સચિન તેંડુલકર, ભાગવતાચાર્ય રમેશભાઇ ઓઝા વગેરેનો સમાવેશ થાય છે.રાજકોટ વોલન્ટરી બ્લડ બેન્કના નવા બિલ્ડીંગનો બાહ્ય દેખાવ જેટલો આકર્ષક છે તેટલું જ તેનું સુંદર ઇન્ટિરીયર છે. તાજેતરમાં જ આ બિલ્ડીંગના શ્રેષ્ઠ ઇન્ટિરીયર બદલ આર્કિટેકટ શૈલી ત્રિવેદીને ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ટીરીયર ડીઝાઇનીંગ દ્વારા એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. આ બિલ્ડીંગના આર્કિટેકટ કિશોરભાઇ ત્રિવેદી, કોન્ટ્રાકટર અરૂણભાઇ ભાડેશિયા, સાઇટ એન્જિનીયર વિનય રામાવત, સ્ટ્રકચરલ એન્જીનીયર અશ્વિનભાઇ લોઢીયાને મોમેન્ટો અર્પણ કરાયો હતો. જ્યારે પ્રોજેકટ લાઇફ'ના જોઇન્ટ ડિરેકટર આશિષભાઇ કોટીચાને સમગ્ર સ્ટાફ તથા ટ્રસ્ટીઓ તરફથી આ સફળ પ્રોજેકટ બદલ મોમેન્ટો અર્પણ કરાયો હતો.આ પ્રસંગે પ્રોજેકટ 'લાઇફ'ના જોઇન્ટ ડીરેકટર શ્રીમતી મીતલબેન શાહે રાજ્યના મુખ્યમંત્રી તથા દેશવિદેશના અનેક મહાનુભાવો તરફથી આવેલા શુભેચ્છા સંદેશાઓનું વાંચન કર્યુ હતું. આ પ્રસંગે ડો. ગૌતમ દવે, નિરંજનભાઇ શાહ, વેજાભાઇ રાવલીયા, નવીનભાઇ શાહ, ગુણવંતભાઇ ડેલાવાળા, દિલસુખભાઇ શેઠ, ટી.આર. દોશી, કિરીટભાઇ વસા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ ડો. કમલ પરીખે કરી હતી.

